# મનપાના ડ્રાફ્ટ બજેટમાં ૧૪૦ ટકાનો કરબોજ સૂચવાયો

**કરમાળખાનું રિસ્ટ્રક્ચરીંગ કરી મિલ્કતવેરો અને સફાઈકરમાં વધારો ઝિંકાયો : પુરાંત માત્ર ૫.૪૦ કરોડ દર્શાવી : વ્યવસાય વેરાની આવક વધારવાની વાતનો છેદ ઉડાયો**
**સોલારસીટી બનાવવા તેમજ જળસંચય માટે ખાસ સબસીડીની વાત કરી ભાજપના આક્રોશને ઠંડો પાડવા કમિશ્નરે આંકડાની માયાજાળ રચી : બજેટના કદમાં ૯ ટકાનો વધારો**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ સમક્ષ વર્ષ ૨૦૨૦-૨૧નું ડ્રાફ્ટ બજેટ રજુ કરતાં મ્યુનિ. કમિશ્નર ડૉ. રતનકુંવર ગઢવી ચારણે નગરજનો પરના કરવેરામાં ૧૪૦ ટકા જેટલો વધારો કર્યો છે.

આજે મનપાની સ્થાયી સમિતિ સમક્ષ પોતાનુ બીજુ ડ્રાફ્ટ બજેટ રજુ કરતાં કમિશ્નરે કર માળખાના રિસ્ટ્રક્ચરીંગની સાથે કર દરમાં વધારો સૂચવતાં જ સમિતિની બેઠકમાં સન્નાટો છવાઈ ગયો હતો.

કમિશ્નરે મિલ્કવેરામાં રૂ. ૨૨ કરોડ જેટલો વધારો સૂચવ્યો છે તો સફાઈ કરમાં રૂ. ૫૭ લાખનો વધારો સૂચવ્યો છે. તેમણે તેમના ડ્રાફ્ટ બજેટમાં પરચુરણ સદરે થનાર આવક ૩૮ કરોડ ૩૦ લાખ દર્શાવી છે. તો ઓક્ટ્રોય વળતરની ગ્રાન્ટ ૧૫ કરોડ ૩૦ લાખ દર્શાવી છે. તો ઓક્ટ્રોય વળતરની ગ્રાન્ટ ૧૫ કરોડ ૩૧ લાખ, વ્યવસાય વેરાની ૩.૫૦ કરોડ મળી રેવન્યુ ગ્રાન્ટની આવક ૧૮ કરોડ ૮૬ લાખ દર્શાવી છે.

ગત વર્ષ કરતાં બજેટના કદમાં ૯ ટકા જેટલો વધારો સૂચવી બજેટનુ કદ ૩૦૪.૮૬ કરોડ દર્શાવ્યુ છે. જો કે પુરાંત માત્ર ૫.૪૦ કરોડની જ દર્શાવી આંકડાની માયાજાળ ઉભી કરવામાં કમિશ્નર સફળ રહ્યા છે.

ગત વર્ષના બજેટમાં રૂ. ૧૨.૭૪ કરોડનો કાપ મુકવાની વાત તેમણે ૨૦૧૯-૨૦ના સુધારેલા અંદાજપત્રમાં કહી છે. જો કે આ પછી પણ બજેટની પુરાંતમાં કોઈ ખાસ વધારો થતો નથી.

મનપાના આજે રજુ થયેલા ડ્રાફ્ટ બજેટમાં સફાઈકર તેમજ મિલ્કતવેરાના કરેલા રિસ્ટ્રક્ચરીંગમાં શિક્ષણ ઉપકરની આવક જે વધશે તેનો ઉલ્લેખ કરાયો નથી. આજના ડ્રાફ્ટ બજેટમાં સફાઈ ખર્ચમાં રૂ. ૯ કરોડનો વધારો સૂચવી શહેરના આંતરિક રસ્તા તેમજ ખુલ્લા પ્લોટો અને જાહેર શૌચાલયોની સફાઈ ઉમેરવામાં આવી છે.

આ ઉપરાંત નરેન્દ્ર મોદીના સ્વપ્ન સોલારસીટીને સાકાર કરવા માટે ખાસ સબસીડી તેમજ જળસંચયના કામ જો પ્લોટમાં જ કરવામાં આવે તો તેમાં સબસીડીની વાત કરી ભાજપના સભ્યોના રોષને ઠંડો પાડવાની કોશિષ કરવામાં આવી છે.

બજેટમાં નવા કામોમાં ડી.પી.આર. તૈયાર કરવા પર ભાર મુકાયો છે. શહેરમાં નવો ટાઉનહોલ બનાવવાની વાત કમિશ્નરે કહી છે પણ કયાં કરાશે અને કેટલી કેપેસીટીનો હશે તો તેનો જવાબ ટાળતાં તેમણે કહ્યુ કે અમે સરકાર પાસે જમીન માંગી છે તે મળેથી આગળ વધવામાં આવશે.

મનપાને ફાળવવામાં આવેલ બગીચાઓ પૈકી એક બગીચાના નવીનીકરણ માટે ૮ કરોડનો ખર્ચ આ ડ્રાફ્ટ બજેટમાં સૂચવવામાં આવ્યો છે. આ ઉપરાંત સરકાર જો પ્રા.શાળા અંગ્રેજી માધ્યમની શરૂ કરે તો જુનિ. કે.જી. અને સિની. કે.જી.માં ખર્ચના અનુદાનમાં રૂ. ૬ લાખ આપવાની વાત ડ્રાફ્ટ બજેટમાં કરી છે.

મનપાના આ ડ્રાફ્ટ બજેટમાં મિલ્કતવેરાની આવક ૪૧.૫૦ કરોડ જેટલી થશે તેમ દર્શાવ્યુ છે.

આ ઉપરાંત મનપાની બની રહેલી કચેરીના ખર્ચમાં વધારો થશે તેવા સંકેત પણ તેમણે આપ્યા છે.

### ક્યાં કેટલો ખર્ચ થશે

મ્યુનિ. કમિશ્નરે રજુ કરેલા ડ્રાફ્ટ બજેટમાં રૂ.નો ખર્ચ જે દર્શાવ્યો છે તેમાં કેપીટલ ખર્ચ ૭૨ ટકા, મહેકમનો ખર્ચ અને સફાઈ ખર્ચ નવ.નવ ટકા તેમજ ઈલેક્ટ્રીસીટી અને નિભાવણી ખર્ચ પાંચ ટકા તેમજ કન્ટીજન્સી ખર્ચ ૫ ટકા દર્શાવ્યો છે.

### આવક ક્યાંથી કેટલી

આ ડ્રાફ્ટ બજેટમાં કેપીટલ આવક ૪૩ ટકા ટેક્ષની આવક ૨૯ ટકા, નોનટેક્ષની આવક ૧૯ ટકા અને રેવન્યુ ગ્રાન્ટની આવક ૯ ટકા દર્શાવવામાં આવી છે.



### નવા કયા - કયા કામ સુચવાયા

- ધોળાકુવા ખાતે લગ્નવાડી બનાવવા માટે રૂ. ૨.૫૦ કરોડની જોગવાઈ
- નવો ટાઉનહોલ બનાવવા માટે રૂ. ૧ કરોડની જોગવાઈ
- સે. ૧૨ અને ૧૩ પૈકીના એક રંગમંચના નવીનીકરણ માટે રૂ. ૪ કરોડ
- સે. ૫, ૧૨, ૧૬, ૨૨, ૨૬, ૨૯ અને બોરીજ ગામ પૈકીના એક બગીચાનું નવીનીકરણ કરવા માટે ૮ કરોડની જોગવાઈ
- જળ સંચય અને સોલાર સિસ્ટમ માટે ખાસ સબસીડી
- નવા રહેણાંક મકાનોમાં વસાહતીઓ દ્વારા જળસંચય થાય તે પ્રમાણે જી.ડી.સી.આર. મુજબનું માળખુ તૈયાર કરવા માટે ૨૦ ટકા જન ભાગીદારી અને ૮૦ ટકા રકમ સબસીડીથી ચુકવવા માટે રૂ. ૧ કરોડની જોગવાઈ.
- પ્રાઈવેટ રહેણાંકમાં સોલાર સિસ્ટમ લગાડવા માટે વીજગ્રાહક સબસીડી હેઠળ રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકારની સહાય ઉપરાંત વધારાની ૧૦ ટકા રકમ સહાય તરીકે ચુકવવા માટે રૂ. ૬૦ લાખની જોગવાઈ આ ડ્રાફ્ટ બજેટમાં કરાઈ છે.

### સફાઈવેરાનો સુધારેલ દર રહેણાંક માટે

| કાર્પેટ એરિયા મુજબ સ્લેબ | યુનિટ |
|---|---|
| ૦ ચો.મી. - ૫૦ ચો.મી. | રૂ. ૩૬૦ પ્રતિ વર્ષ |
| ૫૦.૦૧ ચો.મી. - ૧૦૦ ચો.મી. | ૩૬૦ પ્રતિ વર્ષ |
| ૧૦૦.૦૧ ચો.મી.-૧૫૦ ચો.મી. | ૩૬૦ પ્રતિ વર્ષ |
| ૧૫૦.૦૧ ચો.મી.-૨૦૦ ચો.મી. | વધારાની પ્રતિ ચો.મી. રૂ. ૧ |
| ૨૦૦-૦૧ ચો.મી.-૨૫૦ ચો.મી. | વધારાની પ્રતિ ચો.મી. રૂ. ૨ |
| ૨૫૦ ચો.મી. | વધારાની પ્રતિ ચો. મી. રૂ. ૩ |

### હાલમાં મિલ્કતવેરો આ દરે વસુલાય છે

| મિલ્કતનો પ્રકાર | હાલના દર રૂ. |
|---|---|
| રહેણાંક | ૧૦ રૂ. (પ્રતિ ચો.મી.) |
| બિન-રહેણાંક | ૨૦ રૂ. (પ્રતિ ચો.મી.) |
| **મિલ્કતનો પ્રકાર** | **મિલ્કતવેરાના સૂચિત દર** |
| રહેણાંક | ૧૪ રૂ. (પ્રતિ ચો.મી.) |
| બિન-રહેણાંક | ૨૬ રૂ.(પ્રતિ ચો.મી.) |

### અંડરપાસ કે ઓવરબ્રિજ બનાવવો : કમિશ્નર દ્વિધામાં છે

મ્યુનિ. કમિશ્નરે આજે રજુ કરેલા પોતાના બીજા ડ્રાફ્ટ બજેટમાં રાજ્ય સરકારે શરૂ કરેલા ફાટક મુક્ત ગુજરાતના ભાગરૂપે રોડ નં. ૬ અને ૭ ઉપર આવેલ રેલ્વે ક્રોસીંગની જગ્યાએ રેલ્વે ઓવરબ્રિજ/અંડરપાસ બનાવવાનો ડી.પી.આર. બનાવવા માટે રૂ. ૧ કરોડની જોગવાઈ કરી છે પણ શું કરીશુ તેના વિશે મૌન સેવતાં તેમની દ્વિધા સ્પષ્ટ થાય છે કે શું કરવું ?

# પ્રધાનમંત્રી મોદી ૧૭મીએ ગાંધીનગર આવી શકે

**ગાંધીનગર ખાતે યોજાનાર સ્થળાંતર કરનાર પ્રજાતિઓ વિશેના યુ.એન. શિખર સમેલનનું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઉદઘાટન કરશે**

ગાંધીનગર, તા.૧૦

સંયુકત રાષ્ટ્રના પર્યાવરણીય કાર્યક્રમના નેજા હેઠળ પર્યાવરણીય સંધિના સંરક્ષણ પર સ્થળાંતર પ્રજાતિઓ (સીએમએસ)ના સંમેલનની ૧૩મી કોન્ફરન્સ ઓફ પાર્ટીઝ (સીઓપી), ભારત દ્વારા ૧૭ થી ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૦ દરમિયાન ગુજરાતના ગાંધીનગરમાં યોજાશે.. કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રી શ્રી પ્રકાશ જાવડેકરે આજે નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદમાં આ અંગે જાહેરાત કરી હતી.

યજમાન તરીકે, ભારતને આગામી ત્રણ વર્ષ માટે પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવશે. ભારત સરકાર ૧૯૮૩ થી સ્થળાંતરીત વન્ય પ્રાણીઓના સંરક્ષણ સંમેલન (સીએમએસ) પર હસ્તાક્ષર કરનાર છે. ભારત સરકાર આ સ્થળાંતરીત દરિયાઈ જાતિઓ/પ્રજાતિઓની સુરક્ષા અને સંરક્ષણ માટે જરૂરી પગલાં લઈ રહી છે. તેમજ એમના સંરક્ષણ અને બચાવ માટેની યોજનાની તૈયારી કરી છે જે માટે સાત જાતિઓ જેમકે ડુગોંગ, વ્હેલ શાર્ક,

● અનુસંધાન પાન-૭ પર



વસંતના વધામણા ગાંધીનગરમાં... - વસંતઋતુને નવજીવન અને નવા સર્જનની ઋતુ કહેવામાં આવે છે. શિયાળાની ઋતુમાં ઠંડીમાં ઠીંગુરાઈ ગયેલી પ્રકૃતિ વસંતમાં આળશ મરડીને બેઠી થાય છે. પાનખરમાં સાવ વૃદ્ધ ભાસતા વૃક્ષો વસંત આવતા જ જાણે નવયુવાની પ્રાપ્ત કરે છે. લીલાછમ વૃક્ષોનુ ક્લેવર સમગ્ર સૃષ્ટિમાં જાણે નવા પ્રાણ ફૂંકે છે. રાજ્યના પાટનગર ગાંધીનગરમાં વસંતને વધાવવા વસંતોત્સવની પરંપરા ચાલી આવે છે. જુદા જુદા પ્રાંતના લોકનૃત્યો દ્વારા વસંતને વધાવવાનો અવસર સંસ્કૃતિકુંજમાં ટૂંક સમયમાં યોજાવાનો છે ત્યારે તેની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે.

# મુખ્યમાર્ગો પર સ્ટાર્મ વોટર લાઈનના ખાડા પુરાયા : નવા ઢાંકણો પણ લગાવાયા

**મુખ્યમાર્ગોની સાથે સેકટરોના આંતરિક માર્ગો પર સર્વે કરીને પણ જોખમી સ્થિતિ હોય તેવા કીસ્સામાં કામ હાથ ધરાશે**

ગાંધીનગર તા ૧૦

શહેરમાં મુખ્યમાર્ગો પર સ્થિત સ્ટોર્મ વોટર લાઈનની ચેમ્બરો તુટેલી હાવાના લીધે વાહનચાલકો માટે ભયજનક સ્થિતિ સર્જાઇ છે. જેને ધ્યાને લઈ પાટનગર યોજના ભવન દ્વારા મુખ્યમાર્ગો પરની સ્ટોર્મ વોટર લાઈનની ચેમ્બરોના ઢાંકણો નવા નાંખવા તેમજ તેને રીપેર કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. નગરના ઘ અને ચ માર્ગ પર આ પ્રકારની ચેમ્બરોને સલામત બનાવવા માટે સર્વેના અંતે કામ હાથ ધરાયુ છે. સેકટરોના આંતરિક માર્ગો પર પણ ગટર લાઈનને યોગ્ય કરવા ટુંકમાં કામ શરૂ કરાશે.

શહેરમાં મુખ્યમાર્ગો પર સ્ટોર્મ વોટર લાઈનની ચેમ્બરો છેલ્લા કેટલાક સમયથી તુટેલી હાલતમાં હોવાનો કકળાટ ઉઠવા પામ્યો હતો. જેના લીધે મુખ્યમાર્ગો પર પૈડા પરની જિન્દગી પણ જોખમાઇ હતી. જેને અનુલક્ષીને પાટનગર યોજના વિભાગ દ્વારા નગરના ઘ અને ચ માર્ગ સહીતના મુખ્ય માર્ગો પર સર્વે હાથ ધરીને આ સ્ટોર્મ વોટર લાઈનની ચેમ્બરનુ રીપેરીંગ કરવામાં આવી રહ્યુ છે. જયારે જે ઠેકાણે ઢાંકણો તુટી ગયા હોય તેવા સ્થળે ચેમ્બરના નવા ઢાંકણો પણ મુકવામાં આવી રહ્યા છે. નગરના મુખ્યમાર્ગો પર સ્ટોર્મ વોટર લાઈનની ચેમ્બરો પરથી ભારે વાહનો પણ પસાર થતા હોવાથી વારંવાર ઢાંકણો તુટવાથી તેમજ સાઈડમાં પ્લાસ્ટર તુટી જતા વાહનચાલકો માટે અકસ્માતની



દહેશત પ્રબળ બને છે. જયારે ટુ વ્હીલરના ચાલકોએ જોખમી સ્થિતિમાં મુકાવવુ પડે છે. આ ઉપરાંત કેટલાક ઠેકાણે ઢાંકણો તુટી જતા ભયજનક ગાબડુ અસ્તિત્વમાં આવતા અત્યંત જોખમી સ્થિતિનુ નિર્માણ થયુ હોવાની ફરિયાદ પણ ઉઠવા પામી હતી. જેને અનુલક્ષીને પાટનગર યોજના વિભાગ દ્વારા શહેરના મુખ્યમાર્ગો પર સ્થિતિનો અભ્યાસ કરીને જરૂર જણાંય તેવા ઠેકણે ચેમ્બરોના નવા ઢાંકણો મુકવામાં આવ્યા છે.જયારે તુટી ગયેલી ચેમ્બરોનુ પણ યોગ્ય રીપેરીંગ કરવામાં આવ્યુ છે. શહેરના મુખ્યમાર્ગોની સાથે સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ આ પ્રકારની જોખમી સ્થિતિ નિવારવા માટે તંત્ર દ્વારા ટુંકમાં કામગીરી હાથ ધરાશે. અલબત્ત ગટર લાઈન ખુલ્લી થઈ ગઈ હોય અગર તુટેલી ચેમ્બર હોય તેવા ઠેકાણે ત્વરિત કામગીરી શરૂ કરી દેવાશે.

# વિજ્ઞાન પ્રવાહના ૫૨૦૦ વિદ્યાર્થીઓ ૧૪મીથી પ્રેકટીકલ પરીક્ષા આપશે

**પ્રેકટીકલ પરીક્ષામાં કોઇપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે સતત મોનીટરીંગ કરાશે**

ગાંધીનગર તા ૧૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી માર્ચ મહીનામાં બોર્ડની પરીક્ષા લેવાશે. જેને અનુલક્ષીને હાલ વિદ્યાર્થીઓ બોર્ડ પરીક્ષાની તૈયારીમાં ગળાડુબ બન્યા છે. ગાંધીનગર જિલ્લામાંથી ૩૧ હજાર જેટલા વિદ્યાર્થીઓ ધો -૧૦ ની પરીક્ષા આપશે જયારે વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહમાં પણ નોંધપાત્ર વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજરી આપશે. જયારે આગામી તા ૧૪ થી ૨૪ એપ્રિલ દરમિયાન બોર્ડના વિદ્યાર્થીઓની પ્રેકટીકલ પરીક્ષા લેવાશે.

ગુજરાત માધ્યમકિ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા ૫ માર્ચના રોજ ધો -૧૦ અને ૧૨ ની પરીક્ષા લેવામાં આવશે. જયારે આ પરીક્ષાને અનુલક્ષી બોર્ડ તેમજ શિક્ષણતંત્રએ જરૂરી તૈયારીઓ કરી લીધી છે.બીજીતરફ વિદ્યાર્થીઓ પણ આખરી તબક્કાની તૈયારીમાં વ્યસ્ત છે. ગત વર્ષથી વિજ્ઞાન પ્રવાહની પ્રેકટીક કસોટી પણ બોર્ડ કક્ષાએ લેવામાં આવે છે. આગામી તા ૧૪ થી ૨૪ ફેબ્રુઆરી દરમિયાન રાસાયણિક વિજ્ઞાન , જીવવિજ્ઞાન તેમજ ભૌતિક વિજ્ઞાનની પ્રેકટીકલ પરીક્ષા વિદ્યાર્થીઓ આપશે. જયારે પરીક્ષા પુર્વે રાજયના કાર્ડીનેટરની બેઠક પણ આવતીકાલે યોજાશે. જે અન્વયે પરીક્ષાલક્ષી ખાસ સુચન માર્ગદર્શન શિક્ષણ અને બોર્ડના કર્મચારીઓ અને અધિકારીઓને આપવામાં આવશે. જિલ્લામાંથી ૫૨૦૦ વિદ્યાર્થીઓ બોર્ડની પ્રેકટીકલ પરીક્ષા આપશે. માણસાની એક તેમજ કલોલ અને ચાંદખેડાની બે બે શાળા સહીત ગાંધીનગરની ૧૦ સહીત કુલ ૧૫ શાળાઓમાં આ પ્રેકટીકલ પરીક્ષા લેવાશે. ૫૦ ગુણની આ પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગરેરીતી ન થાય તે માટે પણ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા ખાસ સુચના આપવામાં આવી છે. જિલ્લા શિક્ષણની ખાસ ટીમ પણ આ પરીક્ષાનુ મોનીટરીંગ કરશે. જયારે શિક્ષણ બોર્ડના અધિકારીઓ દ્વારા પણ બાહ્ય અને આંતરિક મુલ્યાંકન માટે પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

# વન આરક્ષિત વિસ્તારમાં સરકારી દબાણો દુર કરવા વનતંત્ર હરકતમાં આવશે

**ગુડાના સાયકલ સ્ટેન્ડ સહીત આઇસ્ક્રીમ પાર્લરો દુર કરવા માટે પણ વનતંત્રની મૌખિક સુચના**

ગાંધીનગર તા ૧૦

શહેરના વન આરક્ષિત વિસ્તારમાં દબાણોની ભરમાર જોવા મળી રહી છે.જેના લીધે હરિયાળી સામે પણ ખતરો મંડરાયો છે. વનતંત્ર દ્વારા વન આરક્ષિત વિસ્તારમાંથી ઝુંપડા તેમજ લારી ગલ્લાના દબાણો દુર કરવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી હતી. જયારે હવે સરકારી દબાણો દુર કરવા માટે પણ વનતંત્ર હરકતમાં આવ્યુ છે. આજે વનતંત્રના અધિકારીઓએ વન આરક્ષિત વિસ્તારમાં ગુડાના

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com